### ચોમાસા પહેલા જ રાજમાર્ગો પર ભુવા પડવા લાગ્યા! આગળ શુ થશે ?

# ફતેગંજ વિસ્તારમાં રોડ પર ભુવામાં આઈસરનુ ટાયર ફસાયું

**શહેરમાં** રોડ-રસ્તાની અવદશા જોઇને પણ વહીવટીતંત્રના પેટનુ પાણી કેમ નથી હાલતુ?



(પ્રતિનિધિ) વડોદરા, તા.28
ચોમાસાની ઋતુમાં તો ઠીક છે શહેરના જાહેર માર્ગ પાણીના લીધે ધોવાઈ જાય છે તો ક્યાંક ભુવા પણ પડે છે પરંતુ પાલિકાના પાપે અને કોન્ટ્રાક્ટરની મીલી ભગતના કારણે ભર ઉનાળે ભારદારી વાહનો માર્ગ ઉપર બેસી જાય છે આવો જ એક બનાવ ફતેગંજ રોડ ઉપર બનતા આઈસર ના પૈડા થંભી ગયા હતા.

થોડા દિવસ પૂર્વે જાહેર માર્ગ ઉપર ડ્રેનેજ લાઈનની કામગીરી કરાઈ હતી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની આદત મુજબ લાઈનનું સમાધાન થયા બાદ પુરાણ પણ કરી દેવામાં આવ્યું હતું અને તેના ઉપર ડામર પાથરીને રોડ બનાવવામાં આવ્યો હતો. તે રોડ બનાવવાની કામગીરી કેટલી હૃદય નબળી હતી તેનો પુરાવો આજે વડોદરા વાસીઓ એ નજરો નજર જોયો હતો.

તદ્દન સામાન્ય ઝડપે પસાર થતો આઈસરના પાછળના તોતિંગ વ્હીલ એકા એક રોડ ના ખાડામાં બેસી ગયા હતા માર્ગ પરના પુરાણ ની તદ્દન નબળી કામગીરી કરીને તો કોન્ટ્રાક્ટરો પણ જતા રહ્યા અને સુપર વિઝન કરનારા અધિકારીઓ પણ એસી કચેરીમાં બેસી ગયા જ્યારે ભર ઉનાળે ભોગવવાનો વારો આઈસર ના ચાલકને આવ્યો હતો બનાવના પગલે વાહન વ્યવહાર પર સીધી અસર પડી હતી આઈસર ની આસપાસ થી પસાર થતાં વાહનોની સ્પીડ એકાએક ઘટી ગઈ હતી. જેના પગલે કતારબંધ વાહનોથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

## વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૮ માં પ્રાગટ્ય દિને આયોજિત રક્તદાન શિબિર યોજાઇ



વડોદરા : સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર વડોદરા પોતાની આગવી પરંપરા અને સેવાકીય ભાવના સાથે દર વર્ષે પ્રમુખ ડો. વિજયભાઈ શાહના નેજા હેઠળ પુષ્ટિમાર્ગના પ્રણેતા આચાર્ય જગત્ ગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટ્ય ઉત્સવના ઉપલક્ષયમાં રક્તદાન શિબિરનો વિશેષ કાર્યક્રમ આયોજિત કરે છે. ઉનાળાની કાળજાળ ગરમીમાં વૈષ્ણવોએ સામાજિક સેવાનો અભિગમ અપનાવી લોક કલ્યાણ કાર્ય કરવાના સંકલ્પ સાથે આ વર્ષે આજરોજ તારીખ 27 4 2025 ના રવિવારના રોજ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સલાટવાડા વડોદરા ખાતે શ્રી મહાપ્રભુજીના 548 માં પ્રાગટ્ય દિન નિમિત્તે સવારે આઠ કલાકથી રક્તદાન શિબિરનો કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવ્યો.SVVP દ્વારા સતત સાતમાં વર્ષના આયોજિત આ રક્તદાન શિબિરમાં પાંચથી છ કલાક દરમ્યાન 500થી વધુ રક્તદાતાશ્રીઓએ રક્તદાન કર્યુ હતુ.

## વેગન્સ લર્નિંગ લિમિટેડનો આઈપીઓ 2 મે, 2025ના રોજ ખુલશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.29
વેગન્સ લર્નિંગ લિમિટેડ (વેગન્સ લર્નિંગ, ધ કંપની) એક કોર્પોરેટ ટ્રેનિંગ અને ડિજિટલ લર્નિંગ સોલ્યુશન્સ પ્રદાતાએ શુક્રવાર, 02 મે, 2025ના રોજ તેના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ખોલવાની દરખાસ્ત કરી છે, જેનો ઉદ્દેશ્ય ઈક્વિટી શેરના કુલ ઈશ્યુ દ્વારા 38.38 કરોડ (અપર પ્રાઈઝ બેન્ડ પર) એકત્ર કરવાનો છે, જેમાં શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. આ ઈશ્યુની સાઈઝ 10ના અંકિત મૂલ્ય પર 46,80,000 ઈક્વિટી શેરની છે, જેની પ્રાઈઝ બેન્ડ 78 - 82 પ્રતિ શેર છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ ચોક્કસ બાકી રહેલા ભાગની પૂર્વ ચુકવણી અથવા ચુકવણી માટે, તેની કાર્યકારી મૂડી જરૂરિયાતોને ભંડોળ પૂરૂં પાડવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આ ઈશ્યુ મંગળવાર, 06 મે, 2025ના રોજ બંધ થશે. આ ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર ખાંડવાલા સિક્યોરિટીઝ લિમિટેડ છે, અને ઈશ્યુના રજિસ્ટ્રાર કેમિયો કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ છે.

### સગીરા યુવકના પરિચયમાં આવતા ભોળવાઇ હતી

# બીલ ગામમાં લગ્નની જીદે ચઢેલી સગીરાને અભયમે સમજાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.28
આજના મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ તથા ફિલ્મો,ટી.વી.સિરિયલોની અસર ટીનેજરોના માનસપટ પર ખૂબ જલ્દી ઘર કરી લે છે જેનું પરિણામ માતાપિતાએ ભોગવવાનો વારો આવે છે ત્યારે આવો જ એક સગીરાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં શહેરના બીલ ગામમાથી એક પિતાએ 181અભયમની ટીમને ફોન કરીને મદદ માંગી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે તેમની સગીર દીકરી લગ્નની જીદે ચઢી છે અને કોઇનું માનતી નથી જેથી 181અભયમની ટીમે વિના વિલંબે સગીરાના પિતાએ જણાવેલ સ્થળ પર પહોંચી ગ ઈ હતી જ્યાં તેમને જાણવા મળ્યું હતું કે, 17 વર્ષીય સગીરાને એક યુવક સાથે પરિચય થયો હતો જે પ્રેમમાં પરિણમતા સગીરા તે યુવક સાથે લગ્ન કરવાની જીદે ચઢી હતી.માતાપિતાની સમજાવટ છતાં તે માનતી ન હતી પિતાએ તે યુવકની તપાસ કરતાં યુવક કોઇપણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરતો ન હતો સાથે જ તેનો પરિવાર પણ આર્થિક અને સામાજિક રીતે સધ્ધર ન હતો બીજી તરફ દીકરી પણ સગીર વયની હોવાથી સામાજિક અને કાયદાકીય રીતે પણ આ શક્ય ન હતું જેથી આ સમગ્ર મામલે 181અભયમની ટીમે સગીરાને શાતિથી સામાજિક અને કાયદાકીય દ્રષ્ટિકોણથી સમજણ આપી હતી જેમાં લગ્ન માટે શારીરિક અને માનસિક પુખ્તતા જરૂરી હોવાનું સમજાવ્યું હતું.સાથે જ તેણીને અભ્યાસમાં ધ્યાન આપવા, કાયદાનું પાલન કરવા અને માતાપિતા હંમેશા પોતાના સંતાનોના સારા ભવિષ્ય નો વિચાર કરતા હોય તેઓની વાત માનવાથી ભવિષ્ય સુરક્ષિત, સુનિશ્ચિત બનતું હોવાની સમજ આપી હતી જેથી સગીરાએ પોતાની જીદ મૂકી આગળ અભ્યાસમાં ધ્યાન આપવાનું નક્કી કર્યું હતું અને પોતાની ભૂલ સમજાઈ હતી સાથે જ પરિવારને ખાતરી આપતાં અભયમની મદદ થી સુખદ પરિણામ આવ્યું હતું.

## વડોદરા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસો. દ્વારા આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ




(પ્રતિનિધિ) વડોદરા, તા.29
વડોદરા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિયેશન તથા વડોદરા ટ્રાવેલ્સ એજન્ટ એસોસિયેશન દ્વારા આજરોજ પહેલગામના આતંકવાદી હૂમલામાં માર્યા ગયેલા નિર્દોષ પુરુષોના માનમાં શ્રધ્ધાંજલિ પાઠવવા કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. આ અમાનવીય કૃત્યની દેશ દુનિયામાં થી નિંદા કરવામાં આવી રહી છે સાથે જ દેશમાં હવે આ આતંકી કૃત્ય કરનારા તથા તેઓને સપોર્ટ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે ત્યારે સંસ્કારી નગરી વડોદરાના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિયેશન તથા વડોદરા ટ્રાવેલ્સ એજન્ટ એસોસિયેશન ના સંચાલકો દ્વારા સોમવારે સાંજે શહેરના માંડવી ચાર દરવાજા થી ગાંધીનગર ગૃહ સુધી કેન્ડલ માર્ચ યોજી મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

### લાઇનમાં લીકેજ નહિ પણ પાણીનુ પ્રેશર ચેક કરવા વાલ્વ ખોલાયો હતો

# પાણીના કકળાટ વચ્ચે આજવા રોડ પર પાણીનો ઉંચો ફુવારો ઉડ્યો

**સ્થાનિક** કાઉન્સિલર પ્રફુલાબેન જેઠવા ના પતિએ ખાડામાં ઉતરી પાણીની લાઇન બંધ કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.28
વડોદરા શહેરના આજવા રોડ પર લેપ્રેસી ગ્રાઉન્ડ ની બાજુમાં આવેલી ગલીમાં પીવાના પાણીનો વેડફાટ થતો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા ત્યારે લગભગ 10 થી 15 ફૂટ ઊંચો પાણીનો ફુવારો પૂરતો જોવા મળ્યો હતો આ ફુવારા ના પાણીમાં નાના બાળકો ગરમીમાં પાણીનો આણંદ મારતા નજરે પડ્યા હતા. જ કલાકો સુધી આ જ પ્રકારના દ્રશ્યો જોવા મળ્યા હતા. ત્યારે એક જાગૃત નાગરિક સ્થાનિક કાઉન્સિલર નો ધ્યાન દોર્યું હતું ત્યારે કાઉન્સિલર તાત્કાલિક તેમના પતિ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. એના પતિએ ખાડામાં ઉતરી પીવાના પાણીના લાઈનમાં ઉડતા ફુવારા ને બંધ કર્યો હતો. સ્થાનિક કાઉન્સિલર નું કહેવું છે હવે પાલિકામાં અધિકારીને ફોન કર્યો તેમ છતાં અધિકારીઓ આવ્યા ન હતા ત્યારે મારા પતિએ પાણીનો વેડફાટ ના થાય તે માટે તેઓ ખાડામાં ઉતરી ફુવારા ને બંધ કર્યો હતો. બીજી તરફ આસિસ્ટન્ટ એન્જિનિયર સુનિલભાઈએ જણાવ્યું હતું કે આ લીકેજ જ ન હતું પ્રેશર ચેક કરવા માટે અમારા દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

બે દિવસથી કામ ચાલી રહ્યું હતું અને કેટલા પ્રેશરથી પાણી આગળ વધી રહ્યું છે કે વધશે અને વિસ્તારને પૂરતું પાણી મળી રહે તે હેતુથી આ એક ચેકિંગ કરવાની પ્રક્રિયા હાથથી આ લીકેજ ના કહેવાય જ્યારે નવી લાઈન નાખવામાં આવે ત્યાં પ્રેશર ચેક કરવું જ પડે આ એનો એક ભાગ હતો.

### વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન તથા રાષ્ટ્રીય બ્રાહ્મણ વિકાસ સંઘના સંયુક્ત ઉપક્રમે

# હરણી વારસિયા રીંગ રોડ ખાતે પરશુરામ પુરસ્કાર યોજાયો



વડોદરા : વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન તથા રાષ્ટ્રીય બ્રાહ્મણ વિકાસ સંઘ, ગુજરાત દ્વારા અધ્યક્ષ અન્વેષ વ્યાસ અને અમી વ્યાસ દ્વારા પરશુરામ પુરસ્કાર -2024-25 નુ આયોજન શહેરના હરણી વારસિયા રીંગ રોડ ખાતે આવેલા સ્વામી સર્વાનંદ હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને દર્ભાવતીના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોટ્ટા) બ્રહ્મ શક્તિ જાગૃતિ મંચના પ્રમુખ મીનાબેન મહેતા તથા મ્યુનિસિપલ કાઉન્સિલરો તેજલબેન વ્યાસ, રૂપલબેન મહેતા,રાખીબેન શાહ તથા વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશનના શહેર પ્રમુખ માલવ ઉપાધ્યાય મહામંત્રી મુક્તેશ ત્રિવેદી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન મિનેષ પંડ્યા સહિતના આગેવાનો ઉપસ્થિતિમાં તેજસ્વી તારલાઓ તથા રમત ગમત,ધર્મ શાસ્ત્ર ક્ષેત્રે પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બ્રાહ્મણ પુરુષ મહિલા કેટેગરીમાં તેઓને સર્ટિફિકેટ, મુમેન્ટો પાણીની બોટલો,રાઈટીગ બોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.


**વડોદરા મહાનગરપાલિકા**
**એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ**
www.vmc.gov.in
Smart City
**જાહેર સુચના**

**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બીલ, ભાયલી અને સેવાસી ખાતે તૈયાર થનાર EWS-2 ટાઈપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઇન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત**

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO NO.: ૨૩/૨૫-૨૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બીલ, ભાયલી અને સેવાસી ખાતેના EWS-2 ટાઈપના આવાસ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ મંગાવેલ. જેમાં ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૦૪/૨૦૨૫ સાંજના ૦૬.૦૦ કલાક સુધી હતી.

પરંતુ જાહેર જનતા તરફથી મળેલ અભુતપુર્વ પ્રતિસાદને લઈને સદર આવાસ યોજના માટે ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા ૨૦ દિવસ વધારી **તા.૨૦/૦૫/૨૦૨૫** સાંજના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે. જેથી જાહેર જનતા **તા.૨૦/૦૫/૨૦૨૫** સાંજના ૦૬.૦૦ સુધી સદર યોજનાના ફોર્મ ભરી શકાશે તથા જરુરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં.૯૯/૨૫-૨૬** **એફોર્ડેબલ હાઉસીંગ સેલ ધ્વારા પ્રકાશિત**



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી)**
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
TEL: +91 44 4564 4000 ફેક્સ : +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV (નિયમ 8(1))**
**કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે નીચે સહી કરનાર આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને IDFC બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી)ના અધિકૃત અધિકારી છે, જે નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને છે. સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચીને, કલમ ૧૩(૧૨) હેઠળ તા. ૧૮.૦૧.૨૦૨૫ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં ઉધાર લેનાર, સહ-ઋણધારકો અને ગેરંટરો ૧. વિનાયક સિરામિક્સ, ૨. ભાવના ડી જયસ્વાલ, ૩. ધર્મેશ શંકરલાલ જયસ્વાલ, ૪. શંકરલાલ ભગવાનદાસ જયસ્વાલ, ૫. શ્રી સાંઈ ટાઇલ્સને નોટિસમાં દર્શાવેલ રકમ રૂ. ૭૩,૩૦,૯૩૮.૯૧/- (રૂપિયા તોત્તેર લાખ ત્રીસ હજાર નવસો આડત્રીસ અને એકાણું પૈસા માત્ર) ૧૮.૦૧.૨૦૨૫ના રોજ. ઉક્ત ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું.
લોન લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી લોન લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચેલા કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો સાંકેતિક કબજો લીધો છે.
ખાસ કરીને લોન લેનારાઓ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર માટે આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી)ના બાકી લેણાં રૂ. ૭૩,૩૦,૯૩૮.૯૧/- (રૂપિયા તોત્તેર લાખ ત્રીસ હજાર નવસો આડત્રીસ અને એકાણું પૈસા માત્ર) અને તેના પર વ્યાજ વસૂલવામાં આવશે. ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સુરક્ષિત સંપત્તિઓ પરત કરવા માટે ઋણ લેનારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

બિન-કૃષિ જમીનનો પ્લોટના તમામ ટુકડો અને પાર્સલ, મોજે: સમા, જમીન ધરાવતો આર.એસ. નં. ૫૬૬/એ પૈકી ૧, ટી.પી. નં. ૨, એફ.પી. નં. ૨૭, માપન ૧૪૧૬૪ ચો.મી. મીટર, "બનિયાન સિટી ફેઝ-૧" તરીકે ઓળખાતું પ્લોટ નં. ૯૪, પ્લોટ માપન ૧૫૭.૪૧ ચોરસ મીટર, કોમન પ્લોટ ૨૬ ચોરસ મીટર, રોડ ૬૧.૭૧ ચોરસ મીટર. કુલ માપ ૨૪૫.૧૨ ચોરસ મીટર, નોંધણી સ્થળે પેટા-જિલ્લો: વડોદરા અને જિલ્લો: વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૯, અને નીચે મુજબ સીમા: પૂર્વ: ૭.૫૦ મીટર રોડ, પશ્ચિમ કોમન પ્લોટ, ઉત્તર: ડુપ્લેક્સ નંબર ૯૩, દક્ષિણ: ખુલ્લી જગ્યા

એસડી/-
**તારીખ: ૨૨-૦૪-૨૦૨૫** **અધિકૃત અધિકારી**
**સ્થળ: ગુજરાત** **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**લોન એકાઉન્ટ નંબર: ૧૪૫૧૩૫૮૨ & ૧૫૩૦૪૬૬૬** **(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી)**



HDFC BANK
We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**
**શાખા :** એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭.
**CIN** L70100MH1977PLC019916 **વેબસાઈટ:** www.hdfc.com

**પઝેશન નોટિસ**

જ્યારે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર/ઓ દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩ (૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. નીચેના ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ)ને ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ પડતા દરે તેમના સંબંધિત નામ સામે ઉલ્લેખિત રકમની સાથે સાથે ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ દરો પર, ઉપરોક્ત નોટિસોની તારીખથી ૬૦ દિવસની અંદર, આનુષંગિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચૂકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી ચૂકવવાનું આહવાન કરે છે.

| ક્રમ નં. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી પટેલ રાજેન્દ્રભાઈ (ઋણલેનાર) શ્રીમતી પટેલ કૈલાસબેન રાજેન્દ્રકુમાર (સહ-ઋણલેનાર) પત્ની/પુત્ર/પુત્રી/પતિ શ્રી/ શ્રીમતી પટેલ કાંતિલાલ ગોરધનભાઈ (મૃત્યુ થયા પછી) અને અન્ય જાણીતા અને અજ્ઞાત કાનૂની વારસદારો, કાનૂની પ્રતિનિધિઓ, વારસદારો અને શ્રી/શ્રીમતી/કુ. પટેલ કાંતિલાલ ગોરધનભાઈ [મૃત્યુ થયા પછી] શ્રી પટેલ નિરજ એન (ગેરેન્ટર) 176934 - 629673033 | ૩૧.૦૮.૨૦૨૪ ના રોજ રૂ. ૧૪,૭૫,૭૮૯/- , રૂ. ૧,૭૨,૦૮૪/- બાકી | ૨૫.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-બી-૩૦૧, ત્રીજો માળ, નક્ષત્ર હેબિટેટ, ટાવર બી, એસ નં. ૪૭૭/૧, ૪૭૭/૨, સનસિટી પેરેડાઇઝની સામે, બાલાજી પાર્ટી પ્લોટ પાસે, રેલવે ક્રોસિંગ, માંજલપુર, વડોદરા- ૩૯૦૦૧૧ |
| 2 | શ્રી બારોટ અંકિતકુમાર શિવસિંહ (ઋણલેનાર) શ્રીમતી બારોટ અનમોલબેન અંકિતકુમાર (સહ-ઋણલેનાર) 187188 - 648858624,633606698, 647641458,622288603 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૫૦,૭૨૫/-, રૂ. ૧,૩૩,૦૮૦/- , રૂ. ૨,૩૧,૬૨૮/- અને રૂ. ૮,૨૪,૭૮૯/- બાકી | ૨૭.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | યુનિટ-૩૧૦, શ્રીમ સતાત્યા, ટાવર એ, શુભ, એસ નં. ૨૧૮, એફ પી ૨૧/૪, નીલામ્બર ઓરિયન્સ નજીક, શ્રીમ સૃષ્ટિ ની સામે, પ્રથમ ઉપવાન, સનફાર્મા રોડ, વડોદરા – ૩૯૦૦૧૨ |
| 3 | શ્રી ગૌર વિકાસ કૈલાશ (ઋણલેનાર) 186835 - 613956490 | ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ રૂ. ૫૯,૯૫,૪૯૦/- બાકી | ૩૦.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | બંગ્લો-૬૦, ૬૧, વિન્ટેજ એસ નં. ૭૦, ૭૧, ૯૬, ૪૦ મીટર પાછળ, કામલાંજલી ગેટવે, કાલાલી-તલસાટ રોડ, તલસાટ રોડ, તલસાટ, વડોદરા -૩૯૦૦૧૨ |
| 4 | શ્રી ખાનજી મોહમ્મદ અસલમ અબ્દુલરહીમ (ઋણલેનાર) 187126 - 620826447,615777219, 621189512,621189598 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૩,૮૮,૬૧૩/-, રૂ. ૫,૪૫,૦૧૨/- , રૂ. ૫૫,૪૨૫/- અને રૂ. ૪૦,૪૨૮/- બાકી | ૨૮.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-બી-૪૦૨, કોહિનૂર ફ્લેટ્સ, ટાવર બી, એસ નં.આર એસ ૧૪૩, ટી પી ૨૪, એફ પી ૩૬, સી એસ ૧૦૮૧, સૌદાગર પાર્કની સામે, સન ફાર્મા પાછળ, તાંદલજા રોડ, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 5 | શ્રી ઘાંચી તૌસીફભાઈ નઝીરભાઈ (ઋણલેનાર) શ્રીમતી ઘાંચી નસીમ (સહ-ઋણલેનાર) 185548 - 631462791,630580348 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૨૨,૦૧૫/-, રૂ. ૭,૯૬,૨૪૪/- બાકી | ૧૩.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | સી-૬૭, નૂરજહાં પાર્ક, આર.એસ. ૮, ૯, ૧૦, ૧૭, ટી. પી. ૨૪, એફ. પી. ૧૬/૧/૨, નીમા ફેન કંપનીની સામે, તાંદલજા રોડ, ઓલ્ડ પાદરા રોડ પર, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 6 | શ્રીમતી શ્વેતા કલ્યાણરામ (ઋણલેનાર) શ્રી વેંકટરામાની કલ્યાણરામ (સહ-ઋણલેનાર) 186298 - 607179517,633213432 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૧૫,૧૫,૨૭૮/-, રૂ. ૨,૬૪,૧૪૮/- બાકી | ૨૭.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | સી-૪૦૩, એસ ઓક્ટો, ટાવર સી, એસ નં. આર એસ ૩૫૪ બી નં. ૨૯૮, કલાલી ગામ રોડની સામે, સી. એમ. પટેલ ફાર્મની સામે, વુડા હાઉસિંગ ફ્લેટ્સ પાસે, એટલાદ્રા, વડોદરા: ૩૯૦૦૧૨ |
| 7 | શ્રી કુકડીયા બાબુભાઈ શંકરભાઈ (ઋણલેનાર) 186889 - 676966841 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૬,૮૬,૨૩૦/- બાકી | ૧૯.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ઓફિસ-૧૧, ચોથો માળ, શિવમ ટ્રેડ સેન્ટર, પ્લોટ ૩ થી ૧૯, એસ નં. ૫૭૧, એફ પી -૧૬૮/૩, સોનલ પાર્ક સોસાયટી પાસે, સાંઇબાબા વિદ્યાલયની સામે, ટ્રાન્સપેક્ટ કમ્પની સામે, ખિસ્કોલી સર્કલ, કલાલી, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 8 | પત્ની/પુત્ર/પુત્રી/પતિ શ્રી/શ્રીમતી/કુ. ગરાસિયા આસિફ [મૃત્યુ થયા પછી] અને અન્ય જાણીતા અને અજ્ઞાત કાનૂની વારસદારો, કાનૂની પ્રતિનિધિઓ, ઉત્તરાધિકારીઓ અને એસાઇન્સ શ્રી/ શ્રીમતી/કુ. ગરાસિયા આસિફ [મૃત્યુ થયા પછી] શ્રીમતી ગરાસિયા ગુલનાઝ (સહ-ઋણલેનાર) 187078 – 678709910 and 679287099 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૨,૫૩૮,૭૮૧/- અને રૂ. ૭૪,૭૧૮/- બાકી | ૧૩.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | યુનિટ-૪૧, ગ્રાઉન્ડ ફ્લોર, સ્ટાર સિટી ૧, શોપ્સ (ટીડબલ્યુઆર એ-બી-સી-ડી-ઇ-એફ-જી), એસ નં ૩૧૫, ૩૧૬, એફ પી નંબર ૬૫, તાંદલજા, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 9 | શ્રી પઠાણ મોહસીન (ઋણલેનાર) શ્રીમતી પઠાણ રૂબીનાબાનુ (ઋણલેનાર) 172895 - 666038556,665160142 | ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ રૂ. ૨૫,૯૩૮/- અને રૂ. ૩૩,૧૨,૯૮૮/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-૫૦૨, સ્ટાર સિટી ૧, ટાવર ડી, એસ નંબર ૩૧૫, ૩૧૬, એફ પી નંબર ૬૫, તાંદલજા, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 10 | શ્રી વાળંદ રાકેશભાઈ મગનભાઈ (ઋણલેનાર) શ્રીમતી વાળંદ નિકીતાબેન રાકેશભાઈ (સહ-ઋણલેનાર) 186750 - 656372268,650406741 | ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ રૂ. ૬૦,૫૧૧/- અને રૂ. ૧૦,૪૯,૨૧૪/- બાકી | ૧૩.૦૧.૨૦૨૫ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | યુનિટ-બી-૨૪, આંબાવાડી સીએચએસએલ, આર એસ ૫૬૭, એફ પી ૨૫, ટી પી ૨, ટેલિફોન એક્સચેન્જ સ્ટેટ હાઇવે પાસે, વડોદરા – ૩૮૮૧૮૦ |
| 11 | શ્રી પટેલ ભાવેશકુમાર (ઋણલેનાર) શ્રી પટેલ રાશીકભાઈ (સહ-ઋણલેનાર) શ્રીમતી પટેલ કલ્પનાબેન (સહ-ઋણલેનાર) 190166 - 648172425,647817497 | ૩૧.૧૨.૨૦૨૪ ના રોજ રૂ. ૧,૩૬,૦૫૬/- અને રૂ. ૧૯,૧૮,૩૬૦/- બાકી | ૩૦.૦૧.૨૦૨૫ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ડુપ્લેક્સ-૨૩, શ્રીમ શાલીગ્રામ (ડુપ્લેક્સેસ), એસ નં. ૮૫૦/પી, ૮૫૧, સહજાનંદ પેટ્રોલ પંપની બાજુમાં, આકુતિ બંગ્લોઝની સામે, કરજણ-પાદરા રોડ, કરજણ, વડોદરા - ૩૯૨૨૧૦ |
| 12 | શ્રી પટેલ મોહનભાઈ ખીમજીભાઈ (ઋણલેનાર) 187184 - 621430007,622445307 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૨૦,૭૧,૩૧૪/- અને રૂ. ૦/- બાકી | ૧૩.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ડુપ્લેક્સ-૧૦૦, ૧૦૧, ગોલ્ડન આર્ક, પ્લોટ ૨૬ થી ૯૩, એસ નં. ૧૦/૫, ૬૪, ઓલ્ડ સી એસ ૧૩૩૦, નાગજીભાઈ ચેમ્બર્સ, એન. એચ. ૮, ઝુનાબજાર, કરજણ, વડોદરા - ૩૯૨૨૧૦ |
| 13 | શ્રી પંડયા વિરાજકુમાર હરીશકુમાર (ઋણલેનાર) 186916 - 668647538,669600981 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૧૮,૫૨,૯૧૦/- અને રૂ. ૪૫,૩૯૬/- બાકી | ૧૩.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-આયી-૫૦૨, પાંચમો માળ, શ્રી સિદ્ધેશ્વર હેબિટેટ, ટાવર-૧, ઉમા વિદ્યાર્થીલય પાસે, આદેશ રેસિડેન્સી સામે, તરસાલી, વડોદરા- ૩૯૦૦૦૯ |
| 14 | શ્રી કહાર નીરવ પરશુરામભાઈ (ઋણલેનાર) શ્રીમતી કહાર ઉષાબેન (સહ-ઋણલેનાર) 187186 - 636026611,633055852 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૨૫,૯૧૩/- અને રૂ. ૯,૧૭,૯૨૦/- બાકી | ૩૦.૧૧.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-ડી-૧૦૫, પહેલો માળ, મુખ્યમંત્રી ગૃહ યોજના (એલઆઈજી), ટી .પી. ૧૬, એફ. પી. ૧૪૮, દેવ નગર પાછળ, સાંઈ બાબા મંદિર પાસે, વાસણા સૈયદ રોડ, વાસણા, વડોદરા - ૩૯૦૦૦૭ |
| 15 | શ્રી પાટીલ અતુલ સાહેબરાવ (ઋણલેનાર) શ્રીમતી પાટીલ પૂનમ અતુલ (સહ-ઋણલેનાર) શ્રીમતી પાટીલ આશાબેન સાહેબરાવ (સહ-ઋણલેનાર) 187088 - 666253221,666253214 | ૩૧.૧૦.૨૦૨૪ ના રોજ રૂ. ૧૭,૪૦,૧૮૧/- અને રૂ. ૧૯,૫૮,૧૩૨/- બાકી | ૧૩.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-એ/૫૦૧, પાંચમો માળ, દ્વારકેશ હાઈવ્યૂ, ટાવર એ, એસ નંબર ૨૧, એફ પી ૧૪, ઓ પી ૧૪, ઓ પી ૧૪, મંગલા ગ્રીન નજીક, ધનિયાવી ફ્લાયઓવર, તરસાલી, એન એચ ૮ રોડ ટચ, વડોદરા - ૩૯૦૦૦૯ |
| 16 | શ્રી ઠક્કર વિનેશચંદ્ર ચંપકલાલ (ઋણલેનાર) શ્રીમતી ઠક્કર પ્રીતિબેન વિનેશચંદ્ર (સહ-ઋણલેનાર) 188951 - 641787820,641299594, 641787882,641299642 | ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ રૂ. ૨,૮૫૫/-, રૂ. ૩,૨૯,૯૪૫/-, રૂ. ૬,૬૭૪/-, રૂ. ૧,૩૫,૩૪૧/- બાકી | ૩૦.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | યુનિટ-એસબી/૭-શોપ/સેમી બેઝમેન્ટ (આર. એસ. નં. ૪૨૦/૧, /૨ ટીપીએસ નંબર ૧૯), ત્રિવેણી કોમ્પ્લેક્સ, માંજલપુર ટાઉનશીપ નજીક, વ્રધામ મંદિરની પાછળ, વડોદરા ૩૯૦૦૧૧ |
| 17 | શ્રી ગઢવી ભરતદાન કુમ્પદાન (ઋણલેનાર) 189082 - 682826427,678883061 | ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ રૂ. ૮૮,૩૩૪/- અને રૂ. ૧૬,૩૦,૫૯૮/- બાકી | ૩૦.૧૨.૨૦૨૪ | ૨૫.૦૪.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-ડી-૩૦૭/૩૦૮, ફ્લોર-૨, કેદારધામ સીએચએસએલ ફ્લેટ્સ (ટાઇપ-ડી), એસ નં ૩૪૦ પી, એફ પી ૪૪૮, ટી પી ૧૯, આકર કોમ્પ્લેક્સ પાસે, સતીશ પાર્કની પાછળ, માંજલપુર-જીઆઈડીસી રોડ, માંજલપુર, વડોદરા- ૩૯૦૦૧૧ |
| 18 | શ્રી પરમાર ગોપાલસિંહ (ઋણલેનાર) શ્રીમતી પરમાર લક્ષ્મીબેન (સહ-ઋણલેનાર) 167461 - 648380976,649200576 | ૩૦.૦૪.૨૦૨૪ ના રોજ રૂ. ૧૪,૭૭,૮૫૫/- અને રૂ. ૪૦,૨૮૨/- બાકી | ૦૮.૦૫.૨૦૨૪ | ૨૭.૦૪.૨૦૨૫ ફિઝિકલ | હાઉસ ડી-૦૨ (દેવ રેસિડેન્સી), પ્લોટ, ૪૨ પાઇકી-મિડલ, એસ નં. ૪૪/૨૮ પૈકી, જલારામ નગર-૨ ની પાછળ, બામરોલી રોડ, ગોધરા - ૩૮૯૦૦૧ |
| 19 | શ્રી બારીયા વસંતભાઈ (ઋણલેનાર) શ્રીમતી બારીયા કમલાબેન (સહ-ઋણલેનાર) 161737 - 663814944 | ૩૧.૦૩.૨૦૨૩ ના રોજ રૂ. ૨૮૮૪૯૫૫/- બાકી | ૦૮.૦૫.૨૦૨૩ | ૨૭.૦૪.૨૦૨૫ ફિઝિકલ | યુનિટ-૧૪૨-પી-સાઉથ, શુભમ ટેનેમેન્ટ્સ, આર એસ ૨૨/૧, સમ્રાટ નગરની સામે, બામરોલી રોડ, ગોધરા - ૩૮૯૦૦૧ |
| 20 | પત્ની/પુત્ર/પતિ/પુત્રી શ્રી કુંભાર મનુભાઈ સોમાભાઈ (મૃત્યુ થયા પછી) અને અન્ય જાણીતા અને અજ્ઞાત કાનૂની વારસદારો, કાનૂની પ્રતિનિધિઓ, વારસદારો અને શ્રી કુંભાર મનુભાઈ સોમાભાઈ (મૃત્યુ થયા પછી) શ્રીમતી પ્રજપતિ મનિહાસબેન મનુભાઈ (સહ-ઋણલેનાર) 167534 – 645494458 and 646306510 | ૩૧.૦૭.૨૦૨૩ ના રોજ રૂ. ૧૨૪૦૩૫૭/- અને રૂ. ૫૪૪૫૪/- બાકી | ૨૩.૦૮.૨૦૨૩ | ૨૭.૦૪.૨૦૨૫ ફિઝિકલ | ઘર ૫૪ પૈકી-રજા ઉત્તરથી, જય જલારામ નગર પાસે, નિત્યમ સ્કૂલ પાસે, બામરોલી રોડ, વાવડી બુઝુર્ગ, ગોધરા- ૩૮૯૦૦૧ |

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.
અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.
ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.
પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે નીચે સહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

**એચડીએફસી બેંક લિ.**
**તારીખ : ૨૮.૦૪.૨૦૨૫** **સહી/-**
**સ્થળ : વડોદરા** **અધિકૃત અધિકારી**

**રજિસ્ટર્ડ ઓફિસ: હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રેમન હાઉસ, એચ.ટી.પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રિકલેમેશન, ચર્ચગેટ, મુંબઇ**